# ડીસામાં બટાકાના વેપારી ગુમ થતા ચકચાર

ડીસા

ડીસાના એલ.ડી પાર્કમાં રહેતા બટાકાના વેપારી અચાનક ગુમ થતા ચકચાર મચી છે.વેપારીના પરિવારજનોએ આ અંગે ડીસા ઉત્તર પોલીસ મથકે ગુમ થયા અંગે રજુઆત કરી છે.

ડીસામાં છેલ્લા ચાર વર્ષ બટાકામાં મંદી જોવા મળી રહી છે. મંદીના કારણે અનેક બટાકાના વેપારીઓ તેમજ ખેડૂતોએ જીવન લીલા સંકેલી છે ત્યારે ડીસાના બટાકાના મોટા વેપારી અચાનક ગુમ થતા ચકચાર મચી છે.ડીસામા બટાકાના વેપારી પોપટલાલ ચમનાજી કચ્છવા થરાદ રોડ પર ગણપતિ કોલ્ડ સ્ટોરેજ ચલાવે છે તેમજ ડીસામા પણ બટાકાના મોટા વેપાર સાથે સંકળાયેલા છે.ગત ગત ૧૧ જૂન ના રોજ તેઓ સાંજે અમદાવાદ દવાખાને જવાનું કહી નીકળ્યા હતા.બાદમાં તેઓનો સંપર્કના થતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. જોકે પરિવારે તેઓની શોધખોળ હાથ ધરી હતી પરંતુ તેઓ ક્યાંય ના મળતા પરિવારના દિનેશકુમાર પોપટલાલ કચ્છવાએ ડીસા ઉત્તર પોલીસ મથકે ગુમ થયા અંગે જાણ કરી હતી.ઉત્તર પોલીસે આ વેપારી કયા છે અને ક્યાં કારણોસર ગુમ થયા તે અંગે તપાસ હાથ ધરી છે.

# માલપુરના મેવડા ગામે ૧ મહિનાથી વીજ ધાંધિયાથી વિદ્યાર્થીઓ અભ્યાસ વિહોણા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં વાયુની ઈફેકટથી વરસાદ ખાબકતાની સાથે જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ૩૬ કલાક પછી પણ અંધારપટ યથાવત રહેતા લોકો પાણી વિહોણા બન્યા છે. માલપુર તાલુકાના મેવડા ગામે એક માસથી વીજ ધાંધિયાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા ગ્રામજનોએ મોબાઈલ બેટરીના સહારે રાત્રે ચોકમાં એકઠા થઈ વીજળી બંધ હોવાનો વિડીયો બનાવી સોશ્યલ મીડિયામાં વાઈરલ કરી નઘરોળ તંત્રને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો.

માલપુરના મેવડા ગામે યુજીવીસીએલ તંત્રએ ગામમાં વીજપુરવઠો પૂરો પાડતી વીજલાઈનના ફીડર બદલ્યા પછી એક મહિનાથી વિજપુરવઠાની અનિયમિતતાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મેવડા ગામે વરસાદ પડતાની સાથે ૩૬ કલાક પહેલા ડૂલ થયેલી વીજ પુરવઠો પૂર્વરત ન થતા ગામમાં



રહેતા વૃધ્ધો અને નાના બાળકો અસહ્ય બફારાથી દયનિય હાલતમાં મુકાયા છે. એક મહિનાથી અનિયમિત વીજ પુરવઠાના પગલે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રાત્રીના સુમારે લાઈટના અભાવે અભ્યાસથી વંચિત રહેવું પડે છે. બુધવારે રાત્રીના સુમારે ગામમાંથી પસાર થતા રોડ પર એકઠા થઈ વીજળીની સમસ્યા અંગે વિડીયો બનાવી સોશ્યલ મીડિયામાં વાઈરલ કરી ન્યાયની ગુહાર લગાવી હતી.



## ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનની વરણી

એશિયાભરમાં વેપાર ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે આજે યોજાયેલ ચૂંટણીમાં ચેરમેન તરીકે દિનેશકુમાર એ. પટેલ અને વાઈસ ચેરમેન તરીકે શિવપ્રસાદ એસ. રાવલ બંને ઊંઝાવાળાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ખેડૂત પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા ઉપરોક્ત બંને પ્રતિનિધિઓએ બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેન પદ સૌ પ્રથમવાર હાંસલ કર્યુ છે. જેથી તેઓના ટેકાદારો, સમર્થકો અને ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આજે ઊંઝા બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે યોજાયેલ ચૂંટણીમાં ખેડૂત અને વેપારી વિભાગના પ્રતિનિધિઓ, એક સ્થાનિક પાલિકાના પ્રતિનિધિ અને નાયબ નિયામક અને જિલ્લા રજીસ્ટ્રાર (સ.મં.) મહેસાણા તથા જિલ્લા ખેતીવાડી અધિકારી મહેસાણા સહિત ૧૫ ડિરેક્ટરો હાજર રહ્યા હતા.

### વડગામ તાલુકાના નાંદોત્રા ગામમાં

# સ્વ. મેઘનાના પરિવારજનોની મુલાકાત લેતા શંકરભાઈ ચૌધરી

વડગામ તાલુકાના નાંદોત્રા ગામમાં ત્રણ દિવસ પહેલાં જ રાહુલ ભરથરી દ્વારા મેઘના સામે બદ ઈરાદો રાખી ને કચરા પોતું કરી રહેલ મેઘના ને આ યુવક દ્વારા તિક્ષ્ણ હથિયાર ગળા ના ભાગે ફેરવીને મોતને ઘાટ ઉતારી હતી જેને લઈને વડગામ સહીત સમગ્ર બનાસકાંઠા માં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.



આ દુઃખદ ઘટના પગલે પૂર્વ મંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સ્વઃમેઘના ના પરિવારજનોની મુલાકાત લીધી હતી અને સ્વ.મેઘના ને શ્રધ્ધાંજલી આપી ને મૃતક યુવતીના પરિવારજનોને શાત્વના પાઠવી હતી. પૂર્વ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી એ ગૃહ અને કાયદા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા ની મુલાકાત લઈને નાંદોત્રા ની સમગ્ર ઘટના બાબતે માહીતી આપી વાકેપ કરાયા હતા અને જણાવ્યું હતું કે સરકાર પણ મૃતક યુવતિના પરિવાર ને ન્યાય અપાવવા ની ખાત્રી આપી હોવાનું જણાવ્યું હતું.

# ટાઈલ્સના પૈસા બારોબાર વાપરી નાંખી ૧૬.૨૦ લાખની ઉચાપત કરતા એક સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના ગઢોડાની સીમમાં આવેલ એક સિરામીક ફેક્ટરીમાં સેલ્સ ઓફીસર તરીકે ફરજ બજાવતા એક કર્મચારીએ ઓરિસ્સામાં આ સિરામીક ફેક્ટરીની અંદાજે રૂ. ૧૬.૨૦ લાખથી વધુની ટાઈલ્સ ત્રણ વર્ષ અગાઉ અન્યને વેચી દઈ તેના પૈસા જમા ન કરાવતા આ સેલ્સ ઓફીસર વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ઉચાપત બદલ ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે સિરામીક ફેક્ટરીના ગીરીશભાઈ વાલજીભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તેમની સિરામીકમાં શરદકુમાર દયાનિધિ પાત્રા સેલ્સ ઓફીસર તરીકે નોકરી કરતા હતા. ત્યારે તેમણે ઓરીકલ ગ્રેનેટો સિરામીકની ૧૬,૨૦,૬૬૪ની ટાઈલ્સ તથા અન્ય ઉત્પાદનો ઓરિસ્સાની કેટલીક ફેક્ટરીઓને વેચી દીધી હતી.

ત્યારબાદ શરદકુમાર પાત્રાએ વેચાણના રૂ. ૧૬.૨૦ લાખની વધુની રકમ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખી હતી. જે અંગે અનેક વખત ઉઘરાણી કરવા છતાં શરદકુમાર પાત્રા પૈસા આપતા ન હતા જેથી ગિરીશભાઈ પટેલે આ સેલ્સ ઓફીસર વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ડીસામાં કારની ટક્કરથી બાઈકચાલક પટકાયો

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના ટ્રાફિકથી ધમધમતા આદર્શ હાઈસ્કૂલ



સામેના રોડ ઉપર કારની ટક્કરથી બાઈક ચાલક પટકાયો હતો જો કે અકસ્માત બાદ કાર ચાલક કાર લઈ નાસી છૂટ્યો હતો.

ડીસાના સરદાર બાગથી બસ સ્ટેન્ડ રોડ ઉપર વાહનોનો વધુ ઘસારો રહે છે તેથી ટ્રાફિકની સમસ્યા કાયમી બની ગઈ છે ઉપરથી ખાસ કરીને બેફામ ઝડપે દોડતી રિક્ષાઓના કારણે અવારનવાર માર્ગ અકસ્માતો સર્જાય છે ત્યારે ગઈકાલે હાઈસ્કૂલ છૂટવાના સમયે ટી.આર. બી. કારે બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલક પટકાયો હતો જેથી લોકોના ટોળેટોળા ઉમટી પડતા ગભરાયેલો કાર ચાલક કાર લહિ નાસી છૂટ્યો હતો જો કે બાઈક ચાલકને નજીવી ઈજાઓ થતા આ મામલે કોઈ ફરિયાદ થઈ નહતી પરંતુ બેફામ ઝડપે અને સાઉન્ડ સિસ્ટમના ઘોઘાટ સાથે દોડતી રીક્ષાઓ અકસ્માત માટે કારણભૂત હોવાનું પ્રત્યક્ષ દર્શીઓએ જણાવ્યું હતું તેથી આવી રિક્ષાઓ સામે ટ્રાફિક પોલીસ કડકાઈ દાખવે તેવો જનમત પ્રવર્તે છે.

# વડગામ તાલુકાના વર્ષો જુના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા આવેદનપત્ર

### ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

વડગામ તાલુકા માં આઝાદી ના દાયકાઓ બાદ પણ તાલુકા ના પ્રાણ પ્રશ્નો નુ કોઈજ નિરાકરણ



લવાતાં વડગામ ના જાગૃત યુવા ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા કલેકટર ને આવેદન પત્ર આપ્યું હતું.

આવેદન પત્ર માં જણાવ્યા અનુસાર ભલગામ માં સિપાઈ પરિવાર ના ૯ જેટલા લોકોનું અકસ્માત માં મોત નિપજ્યું હતું જેમને મુખ્યમંત્રી દ્વારા સહાય ચુકવવા નું જાહેર કરવા છતાં આજ દીન સુધી મૃતક ના પરિવારજનો ને તેમજ ઘાયલોને સહાય ચુકવવામાં ન આવતાં સરકાર સામે અનેક સવાલો ઉભા થયા છે વડગામ માં જીઆઈડીસી બનાવવામાં આવે તાલુકા અને જિલ્લા માં આવેલા પીએચસી, સીએચસી માં એક પણ ગાયનેક ડૉક્ટર નથી જે સરકાર માટે પણ કલંકી હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક ના ધોરણે ગાયનેક ડોક્ટર ની નિમણુક કરાય તેમજ વડગામ પંથકમાં આવેલા મુક્તેશ્વર ડેમમાં તેમજ કરમાવાદ માં પર નર્મદા ના પાણી થી ભરવામાં આવે વડગામ તાલુકા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પ્લાસ્ટિક ના તાપડીયા બાંધીને ઉપર આભ નિચે ધરતી ઉપર વસવાટ કરતા વિચરતી ભટકતી વિમુક્તી જાતિના લોકોને કાયમી વસવાટ માટે આવાશો બનાવાય તેમજ નાંદોત્રા માં તાજેતરમાં એક ચૌધરી સમાજ ની દિકરી હત્યા થઈ છે તેમજ રૂપાલની દલીત દીકરી બળાત્કાર નો ભોગ બની છે તેને ન્યાય આપો.

# ઘાંટી પ્રાથમિક શાળા નં.૧ના નવિન ભવનનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકાના ઘાંટી ગામની ઘાંટી પ્રાથમીક શાળા નંબર.૧ના નવિન સુવિધાસભર અદ્યતન ભવનનો સોમવારના રોજ ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીના અધ્યક્ષસ્થાને નવિન શૈક્ષણિક ભવનનું ઉદ્‌ઘાટન કરાયું હતું.

# ઘાંટી ગામમાં નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યોજાયો

ભિલોડા તાલુકાના ઘાંટી ગામના સરકારી નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ ઘાંટી પ્રાથમીક શાળામાં



ગ્રામજનો ધ્વારા યોજાયો હતો. ગામના આગેવાન શૈલેષકુમાર મોથલીયાના મુજબ નિવૃત્ત કલેક્ટર નરેન્દ્રભાઈ ડામોર, પી.એસ.આઈ. દેવેન્દ્રભાઈ મોથલીયા, એ.એસ.આઈ. સિધ્ધરાજભાઈ મોથલીયા, બાબુભાઈ નિનામા, જીવાજી મોથલીયા, નરેશભાઈ નિનામા સહિત વિવિધ કર્મચારીઓ સરકારી નોકરી માંથી નિવૃત્ત થયેલ હોઈ ઘાંટી ગામના સામાજીક આગેવાનો ધ્વારા શાલ ઓઢાડી, મોમેન્ટો આપી નિવૃત્ત કર્મચારીઓનું બહુમાન કર્યું હતું.

# વક્તાપુરની સીમમાંથી મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાયો : ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર-ઈડર રોડ પર આવેલ વક્તાપુર નજીકથી ત્રણ દિવસ અગાઉ એક અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે પોલીસે તપાસ કરતા મૃતક શ્રમજીવીને મજુરીના પૈસા ચુકવવાના બહાને એક જીનમાં બોલાવી તેના પર ચોરીનો આક્ષેપ કરી મુઢ માર મારતા તેનુ મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ ત્રણ જણાએ પુરાવાનો નાશ કરવાના આશયથી આ મૃતદેહને વક્તાપુરની સીમમાં નાંખી દીધો હતો. જે અંગે પોલીસે તપાસ કર્યા બાદ બુધવારે ત્રણ જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ત્રણ દિવસ અગાઉ વક્તાપુરની સીમમાંથી મળેલો મૃતદેહ અંગે ગ્રામ્ય પોલીસે મૃતકની ઓળખ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમ્યાન મૃતક જયંતીભાઈ કરમાભાઈ પરમાર ફોજીવાડાની ભાગ્યલક્ષ્મી કોટન જીનમાં મજુરી કરતા હતા જેથી તેમને અંદાજે રૂ. ૧.૫૦ લાખ મજુરી પેટે લેવાના નીકળતા હોવાનો આક્ષેપ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં મૃતકના ભાઈ સર્જન સવજીભાઈ પરમારે કર્યો છે.

દરમ્યાન ત્રણેક દિવસ અગાઉ જયંતીભાઈને ભાગ્યલક્ષ્મી કોટન જીનમાં ભરતભાઈ જગજીવનભાઈ પટેલ, અશોકભાઈ પટેલ તથા દર્શનભાઈ નરેન્દ્રભાઈ પંચાલે મજુરીના પૈસા લેવાના બહાને બોલાવી તેના પર ચોરીનો આરોપ મુક્યો હતો અને જીનમાંથી ચોરાયેલા બિયારણના કટ્ટામાં તેની સંડોવણી હોવાનુ કહી જાતી વિરૂદ્ધ ઉચ્ચારણો કરી ઢોર માર મારી મોત નિપજાવી ખુન કરી દીધુ હતુ. એટલુ જ નહી પણ આ ત્રણેય જણાએ મૃતદેહનો સગેવગે કરવાના આશયથી મૃતક જયંતીભાઈનો મૃતદેહ હિંમતનગર ઈડર હાઈવે પર આવેલ વક્તાપુર નજીકની સીમમાં રોડની સાઈડમાં નાંખી દઈ પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે તપાસ દરમ્યાન કેટલાક પુરાવા તથા લોકોની પુછપરછ કરી ખુન કરનાર ત્રણેય જણાને ઝડપી લઈ તેમની વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા શહેરમાં પોલીસ તંત્રની ટ્રાફિક ડ્રાઈવ

## ત્રણ દિવસમાં ૧૭ હાથલારીવાળા સામે કાયદાકીય ડંડો ઉગામ્યો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં



ટ્રાફિક સમસ્યા નગરજનો માટે માથાના દુખાવા સમાન બની છે. બસસ્ટેન્ડથી કડીયાવાડા રોડ, ચાર રસ્તાથી મખદૂમ ચોકડી, શામળાજી ડીપ વિસ્તાર અને માલપુર-મેઘરજ રોડ પર ગેરકાયદેસર ખડકાતા હાથલારી-પથારાવાળાએ કબ્જો જમાવી દેતા મુખ્યમાર્ગો અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ અને દાદાગીરી કરતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન સામે વર્ષોથી શહેરીજનો ઝઝૂમી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસે "દેર આયે દુરસ્ત" આયે કહેવત મુજબ હાથલારીવાળા સામે કાયદાકીય શસ્ત્ર ઉગમતા ટ્રાફિક સમસ્યા હળવી થતા નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મુખ્યમથક મોડાસા શહેરમાં અસહ્ય બનેલા ટ્રાફિક અને ગેરકાયદેસર રોડ પર હાથલારીઓ ખડકી દેતા ટ્રાફિકજામ વારંવાર સર્જાતા મોડાસા ટાઉન પોલીસતંત્રને ટ્રાફિકજામ કરનાર શખ્સો સામે શખ્ત કાર્યવાહીના આદેશ આપતા મોડાસા શહેરના રાજમાર્ગોનું અસ્તિત્વ જોવા મળ્યું હતું. મોડાસા ટાઉન પોલીસે ૩ દિવસમાં આઈપીસી કલમ-૨૮૩ મુજબ ૧૭ હાથલારી સાથે રોડ પર અડિંગો જમાવતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરતા હાથલારીઓવાળા ૪ દિવસથી મુખ્યમાર્ગો પરથી ગાયબ થઈ ગયા છે.

મોડાસાના કડીયાવાડા રોડ પર ૫ થી વધુ હોસ્પિટલો આવેલી હોવાથી અને બસસ્ટેન્ડ પાછળ ૧૫ થી વધુ હોસ્પિટલોમાં ઈમર્જન્સી સારવાર માટે આવતી એમ્બ્યુલન્સ અને ૧૦૮ એમ્બ્યુલન્સ રોડ પર ખડકાયેલી હાથલારીઓ અને પથારાવાળાના લીધે ટ્રાફિકમાં અનેકવાર અટવાઈ પડવાની અને દર્દીઓના જીવ જોખમના મુકાયા હોવાની અનેક ઘટનાઓ બનતા પોલીસતંત્રએ બંને માર્ગ પર ઉભેલી હાથલારીઓવાળા સામે સખ્તાઈપૂર્વક કામગીરી કરતા સારવાર અર્થે આવનાર દર્દીઓ અને લોકોમાં આનંદ છવાયો છે.



વડગામ તાલુકાના થુવર ગામે છેલ્લા દોઢેક મહિનાથી ઠાકોર યુવક મંડળ દ્વારા આયોજીતા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ રહી હતી, જેમા ૯૭ જેટલી ટીમોએ ભાગ લીધો હતો જેની ફાઈનલ મેચ ગત રાત્રે એસ.પી.ઈલેવન તથા મેરવાડા ઈલેવન વચ્ચે રમાઈ હતી જેમા મેરવાડા ઈલેવન ૯વિકેટ થી વિજયી બની હતી, ચેમ્પિયન તથા રનર્સ અપ ટીમો તથા મેન ઓફ ધી મેચ તથા મેન ઓફ ધી સિરીઝ ને રોકડ તથા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, આ ફાઈનલ મેચ મા અતિથિ વિશેષ તરીકે બાળરોગ નિષ્ણાત ડૉ જગદિશભાઈ ઠાકોર વિશેષ ઉપસ્થિત રહી ખેલાડીઓ ને પ્રોત્સાહન પુરુ પાડ્યુ હતું, આ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા માટે થુવર તથા આસપાસના ગામો શેરાવાલી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ મા મેરવાડા ઈલેવન ચેમ્પિયન બની હતી.

# મોડાસામાં જેસીઆઈ સંસ્થાએ અકસ્માત નિવારવા વાહનોને રીફ્લેક્ટર લગાવાયા

દેશ અને દુનિયામાંથી ત્રાસવાદી હુમલા કરતા અકસ્માતની ઘટનાઓમાં લોકો મોતના મુખમાં વધુ ધકેલાઈ રહ્યા છે. રોડ પરથી પસાર થતા વાહનોમાં રીફ્લેક્ટરના અભાવે પાછળથી આવી રહેલ વાહનચાલકને વાહન ન દેખાતા ગમખ્વાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. અરવલ્લી જીલ્લામાં સેવાકીય કાર્યો માટે સતત અગ્રેસર રહેતી જેસીઝ મિલ્ક કમિટી નામની સંસ્થાના સદસ્યોએ મોડાસા શહેરમાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજારમાં અને શહેરના માર્ગો પરથી પસાર થતા વાહનો રેડિયમ પટ્ટી લગાવી રીફ્લેક્ટર સુરક્ષાગાર્ડની કામગીરી કરી વાહનચાલકોને રીફ્લેક્ટટ લગાવવા સમજાવ્યા હતા.



## હિંમતનગર વિભાગ એસ.ટી. મઝદુર સંઘનું ગૌરવ

હિંમતનગર વિભાગ એસ.ટી.મઝદુર સંઘનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. ભારતીય મજદુર મહાસંઘ,ગુજરાત એસ.ટી.મજદુર મહાસંઘ અને અખિલ ભારતીય પરિવહન મજદુર મહાસંઘનું ત્રિ-વાર્ષિક અધિવેશન કચ્છ જીલ્લાના માધાપર જખબોતેરા સંઘ ભુજ ખાતે મળ્યું હતું. વિવિધ હોદ્દાઓ પર નિમણુંક કરવામાં આવી હતી. હિંમતનગર એસ.ટી.મઝદુર સંઘ હિંમતનગર સંઘ વિભાગ મહામંત્રી તરીકે જવાબદારી વહન કરતા જગદીશભાઈ એસ.પટેલની ગુજરાત પ્રદેશ એસ.ટી.મઝદુર મહાસંઘ મહામંત્રી તરીકે ઉચ્ચ હોદ્દા ઉપર નિમણુંક કરાતાં હિંમતનગર એસ.ટી. વિભાગના કર્મચારીઓ,કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

# કોટડા ગામના સિમાડામાંથી ૮ ફુટ લાંબો અજગર ઝડપાયો

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામના સિમાડામાંથી ૮ ફુટ લાંબો અજગર ઝડપાયો હતો. અજગરને વિસ્તારમાંથી ઝડપી સલામત રીતે નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. ખેડુતો, પશુપાલકો, હાશકારો અનુભવ્યા હતો.